અપીલ અરજી નં.૩૯૯ તા.૧૬–૩–૦૯

અરજદાર: શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૫–૨–૦૯ ની અરજીથી તા.૧૫–૧૧–૦૮ની વિગતવાર તમામ પુરાવા સાથે કરેલ અરજી બાબત શું શું તપાસ કરાવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. કેમીકલ્સ સંગ્રહના પરવાના ધરાવનાર આ પરવાનાનો ભંગ કરી વપરાશ કરે છે. તે બાબતે કાયદાકીય શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. અને કાયદેસર કાર્યવાહી ન કરવામાં આવી તે શા માટે ન કરી તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૯ /૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૫–૨–૦૯ ની અરજીથી તા.૧૫–૧૧–૦૮ની વિગતવાર તમામ પુરાવા સાથે કરેલ અરજી બાબતે શું શું તપાસ કરાવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. કેમીકલ્સ સંગ્રહના પરવાના ધરાવનાર આ પરવાનાનો ભંગ કરી વપરાશ કરે છે. તે બાબતે કાયદાકીય શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. અને કાયદેસર કાર્યવાહી ન કરવામાં આવી તે શા માટે ન કરી તે અંગે માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૫૩૦ તા.૬–૩–૦૯થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૮ તા.૨૪–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૪ તા.૯–૪–૦૯ થી અત્રેના વિભાનગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૫–૨–૦૯ ની અરજીથી તા.૧૫–૧૧–૦૮ ની વિગતવાર પુરાવા સાથે કરેલ અરજી બાબતે શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે કેમીકલ્સ સંગ્રહના પરવાના ધરાવનાર આ પરવાનાનો ભંગ કરી વપરાશ કરે છે. તે બાબતે કાયદાકીય શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. અને કાયદેસર કાર્યવાહી ન કરવામાં આવી તે શા માટે ન કરી? અપીલના મુદ્દા નં.૪ અંગે શું શું તપાસ કરી તેની માહિતી માંગેલલ જે આપેલ નથી તેવી રજુઆત કરેલ. તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૩૦ તા.૬–૩–૦૯ થી અરજદારને આપેલ માહિતીમાં તથા "તા.૧૫–૧૧–૦૮ ની અરજી બાબતે કોઈ તપાસ કરવાનું જણાય આવેલ નથી." તથા હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તે બાબતે " સંગ્રહ પરવાનો ધરાવનાર વપરાશ કરેલ છે તેમજ કાયદેસરની કાર્યવાહી બાબતે જણાવવાનું કે જ્વલનશીલ પદાર્થોના પરવાના ધરાવનારે બીપીએમસી એકટની કલમ–૩૭૬ (૧) પ્રકરણ–૧૮ ના ભાગ–૧,૨,૩,૪ તથા રુલ્સના ચેપ્ટર ૯ ના રુલ્સ ૨૨૫ (અ) અનુસાર સંગ્રહ/વપરાશ માટે પરવાનો આપવામાં આવેલ છે જે લાયસન્સની સમયમર્યાદામાં સંગ્રહ/વપરાશ કરતાં હોવાથી કાયદેસરની કાર્યવાહીનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આ રીતે અરજદારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં તા.૧૫–૧૧–૦૮ ની માહિતી સંતોષકારક નથી અને ખોટી માહિતી છે તેના આધાર તરીકે અપીલના મુદ્દા નં.ર માં સે.ઝોન/આ.નં.૭૨ તા.૪–૨–૦૬ નો જવાબ રજુ કરેલ છે. જેમાં સ્પીરીટ અને સ્પીરીટ સોલ્યુશન પૂરતો જવાબ છે જયારે તા.૬–૩–૦૯ થી પાઠવેલ જવાબમાં જવલન પદાર્થો ના સંગ્રહ અને વપરાશ માટે આપવામાં આવે છે. તેમજ લાયસન્સની મર્યાદામાં સંગ્રહ/વપરાશ ની વિગત પણ જણાવેલ છે જેમાં અપીલના મુદ્દા નં.૫ ની પણ માહિતીનો સમાવેશ છે. જયારે અપીલના મુદ્દા નં.૩ માં સંગ્રહ કરવાની પરવાનગી આપી શકે અથવા તો વપરાશ કરવાની આપી શકે તેવી તથા અપીલના મુદ્દા નં.૬કોટેજ ઉધોગને કેમીકલ્સ વપરાશ/સંગ્રહને શા માટે લાયસન્સ આપે છે. અપીલના મુદ્દા નં.૭ યુઝ ઝોન ટેબલ હેઠળની જગ્યાએ સંગ્રહ/વપરાશની પરવાનગી ન આપી શકે. અપીલના મુદ્દા નં.૮ માં ભારત સરકારે ગૃહ ઉધોગ જાહેર કર્યો હોય તો સુરતમહાનગરપાલિકા પરવાનગી આપતી નથી તેવી રજુઆત કરેલ છે. જેની માહિતી સેન્ટ્રલ ઝોન ધ્વારા સે.ઝોન/આરટીઆઈ/૨૩૩ તા.૧૩–૧૦–૦૮ ના પત્રથી જરી ઉધોગને ગૃહ ઉધોગ જાહેર કરેલ હોય તો પરવાનગી આપવામાં આવે છે તેવી માહિતી આપેલ છે. અપીલના મુદ્દા નં.૯ માં હસ્તકલા ઉધોગમાં પણ જવલનશીલ પદાર્થમાં વપરાશ/સંગ્રહનો ઉલ્લેખ નથી અને ફાયર અને આરોગ્ય કયા આધારે લાયસન્સ આપે છે. અપીલ મુદ્દા નં.૧૦ માં ગુમાસ્તામાં ખોટી નોંધણી કરાવી જવલનશીલ પદાર્થના લાયસન્સ ખોટી રીતે આપવામાં આવે છે. તેવી અરજદારના મુળ અરજીના મુદ્દાઓથી અલાયદા પ્રશ્નો અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૦૯ ની મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગે અલગ અરજીથી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) હેમંત એન. દેસાઈ